**સને ૨૦૨૫-૨૬**

**જનરલ.**

**સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટેની ઘાસ સુધારણા વિકાસ યોજના(૨૬-૨૪૦૬)(સામાન્ય મહેસુલ) હેઠળની હંગામી જગ્યાઓને ચાલુ રાખવા બાબત.**

**ગુજરાત સરકાર**

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક**: FED/WRT/e-file/6/2024/0671/M**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: E Sign મુજબ.

**વંચાણે લીધા :-**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૪/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ડી.એન્ડ.એમ/ટે.૨૧/અ/૨૪૪/૨૦૨૪-૨૫.

(૩) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૬/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ડી.એન્ડ.એમ/ટે.૨૧/અ/૧૪/૨૦૨૫-૨૬.

**ઠરાવ**

વન અને પર્યાવરણ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ-૦૧ ના ઠરાવથી ઘાસચારા વિકાસ યોજના હેઠળની કુલ-૪૫ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા માટેની વંચાણે લીધેલ ક્રમ-૦૨ તથા ક્રમ-૦૩ થી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨. પ્રસ્તુત બાબતમાં વિચારણાના અંતે, ઘાસ સુધારણા વિકાસ યોજના(૨૬-૨૪૦૬) (સામાન્ય મહેસુલ) હેઠળની કુલ-૪૫ જગ્યાઓ પૈકી નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબની કુલ ૪૫-હંગામી જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. જગ્યાઓની વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | જગ્યાનું નામ | તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખેલ જગ્યા | તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની થતી જગ્યા |
|---|---|---|---|
| ૧. | નાયબ વન સંરક્ષક | ૦૧ | ૦૧ |
| ૨. | મદદનીશ વન સંરક્ષક | ૦૧ | ૦૧ |
| ૩. | પરિક્ષેત્ર વન અધિકારી | ૦૫ | ૦૫ |
| ૪. | પરિક્ષેત્ર વન અધિકારી (સર્વે) | ૦૧ | ૦૧ |
| ૫. | વનપાલ | ૦૫ | ૦૫ |
| ૬. | મુખ્ય કારકુન | ૦૧ | ૦૧ |
| ૭. | સિનીયર કારકુન | ૦૩ | ૦૩ |
| ૮. | વનરક્ષક | ૨૫ | ૨૫ |
| ૯. | કારકુન | ૦૨ | ૦૨ |
| ૧૦. | સર્વેયર | ૦૧ | ૦૧ |
| | કુલ | ૪૫ | ૪૫ |

૪. સદર જગ્યાઓ ચાલુ રાખવાની મંજૂરી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.
6. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત

થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમા વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત અ.મુ.વ.સં.શ્રીની રહેશે.
8. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
9. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
10. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ અ.મુ.વ.સં.શ્રી જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.
11. વર્ગ-૪ તથા ડ્રાઈવરની જગ્યાઓ મૃત્યુ/નિવૃતિ કે કોઇપણ કારણસર ખાલી પડે તો તેને રદ કરવાની રહેશે અને જો અ.મુ.વ.સં.શ્રીને સદરહું કામગીરીની જરૂરીયાત જણાય તો તા.૦૧/૦૪/૨૦૧૦ ના સા.વ.વિના ઠરાવની જોગવાઇ પ્રમાણે આઉટસોર્સથી નાણા વિભાગ(કરકસર) પ્રભાગની પુર્વ મંજૂરીથી કામગીરી લેવાની રહેશે.

૫. આ જગ્યા અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧-વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૬) ઘાસ સુધારણા વિકાસ યોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાગ્નેશ રાઠોડ)

સેકશન અધિકારી

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વિકાસ અને વ્યવસ્થા, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- 'ડ', 'ડ-૨', 'ડ-૩'અને બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ –**વિભાગની વેબસાઇટ** પર મૂકવા માટે.

*Signature Not Verified*

*Signed by:R N Rathod*
*Section Officer*
*Date:2025.05.26*
*16:10:21 +5:30*